# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 25-03-2024 બપોરે : 2.30 થી 2.35

વાર : સોમવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

**ECI - SUSTAINABLE POLLS**

ચૂંટણી પંચ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પર્યાવરણીય રીતે ટકાઉ ચૂંટણીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને મતદાર યાદી અને ચૂંટણી સામગ્રી માટે કાગળનો ઉપયોગ ઓછો કરવા માટે નિર્દેશો જારી કર્યા છે અને ઈ-બુક્સ અને ઈ-ડોક્યુમેન્ટ્સના ઉપયોગ પર ભાર મૂક્યો છે. આ સાથે ડબલ-સાઇડ પ્રિન્ટિંગ અને લેઆઉટ ઑપ્ટિમાઇઝેશનની ખાતરી કરવા પણ જણાવ્યું છે.

પંચે મતદાન દરમિયાન ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર અપનાવવા નિર્દેશો જારી કર્યા છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને ઇકો-ફ્રેન્ડલી ચૂંટણીઓ માટે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન અલગ કલેક્શન ડબ્બાઓ અને યોગ્ય સાઇનેજની ખાતરી કરવા જણાવ્યું છે. દરેક પ્રકારના કચરા માટે પર્યાપ્ત નિકાલની સુવિધા સુનિશ્ચિત કરવી, વાહનવ્યવહાર માટે ઇકો-ફ્રેન્ડલી વાહનોનો ઉપયોગ તેમજ મતદાન દરમિયાન કારપૂલિંગ અને જાહેર પરિવહનને પ્રોત્સાહિત કરવા પણ જણાવાયું છે. પ્રચાર કાર્યક્રમો માટે પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરવા રાજકીય પક્ષોને નિર્દેશો આપવામાં આવ્યા છે. આ સાથે મતદાન સ્થળોને એકીકૃત કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

## Rajkot Lok Sabha

દેશમાં "મતદાન જાગૃતિ" અભિયાન ચાલી રહ્યું છે, જે અંતર્ગત રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ધુળેટીના તહેવારની ઉજવણી સાથે "મતદાન જાગૃતિ" અભિયાન પણ યોજાયું છે.

જિલ્લા કલેકટરે જિલ્લાના નાગરિકોને ધુળેટીના તહેવારની શુભેચ્છા પાઠવતા આગામી સાતમી મે ના દિવસે યોજાનાર મતદાનમાં પણ ઉત્સાહભેર ભાગ લેવાની અપીલ કરી હતી.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, હોળીના દિવસે "મતદાર જાગૃતિ થીમ" અન્વયે "ચોટીલા સ્ટ્રીટ રંગોળી સ્પર્ધા-૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ આગામી સામાન્ય લોકસભા ચૂંટણી-૨૦૨૪ તથા મતદાર જાગૃતિને લગત થીમ હેઠળ વિવિધ સર્જનાત્મક રંગોળીઓ બનાવી મતદારોને જાગૃત કરવા પ્રયાસો કર્યા હતા

આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, અને તૃતિય ક્રમાંક મેળવનાર સ્પર્ધકોને ઈનામ સહિત પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# **Holi General**-1

રાજયભરમાં હર્ષઉલ્લાસ સાથે હોળી ધૂળેટી પર્વ ઉજવાઇ રહ્યું છે. આબાલવૃદ્ધ સહુ કોઇ હોળીના રંગે રંગાઇને આનંદ માણી રહ્યા છે.

ખેડા જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે આજે ફાગણી પુનમની ઉજવણી કરાઇ હતી. અમારા ખેડાના પ્રતિનિધિ જનક જાગીરદારના જણાવ્યા પ્રમાણે ડાકોરના ઠાકોરને મળવા માઇલોથી પગપાળા ચાલીને આવેલા ભકતોએ આજે સવારે ચાર વાગે મંગળા આરતીમાં ભાગ લીધો હતો. જય રણછોડના નાદ સાથે સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર દ્વારા શ્રીજીને પ્રથમ ધજા ચડાવવામાં આવી હતી. આજે ડાકોરમાં દિવસ દરમિયાન યાત્રાળુઓનો ભારે ધસારો હોવાથી તંત્ર દ્વારા સલામતીના પગલાં લેવાઇ રહ્યાં છે.

કચ્છના સફેદ રણમાં પણ ધૂળેટીનો તહેવાર રંગેચંગે ઉજવાઇ રહ્યો છે. અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સ દ્વારા ભકતોની સાથે ભગવાન શ્રીકૃષ્ણ રંગે રમતા હોય તેવી તસ્વીર એઆઇ દ્વારા બનાવવામાં આવી છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં મૂક બધિર માનવ મિત્ર સેવા ટ્રસ્ટ દ્વારા 35મા હોળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુકબધિરો દ્વારા સાંસ્કૃતિક નૃત્ય રજુ કરવામાં આવ્યું.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણ શહેરમાં રંગો ઉમંગોના પર્વ હોળીનો આનંદ ઉમંગથી  ઉજવાઇ રહ્યો છે. સૌ એકબીજાને પરસ્પર રંગોથી રંગીને પ્રેમ ભાઈચારો અને આનંદ ઉમંગની વહેંચણી કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ હોળી ધૂળેટીના પર્વની ઉમંગભેર ઉજવણી થઈ રહી છે.

ગઇકાલે સાંજે પાટણ જિલ્લામાં પરંપરાગત ધાર્મિક વિધિ વિધાન સાથે હોળી પ્રગટાવીને સૌએ હોલિકાના પૂજન દર્શન કરી નવા અવતરેલા સંતાનને હોળી ફરતે પ્રદક્ષિણા કરાવી ખજૂરનો પ્રસાદ વહેંચ્યો હતો.

સાબરકાંઠામાં પણ ઇડરિયા ગઢ ઉપર ઇકો ફ્રેન્ડલી કલર દ્વારા ધૂળેટીનું પર્વ ઉજવાયું હતું.

અમારા મહિસાગરના પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે સંતરામપુરના માનગઢ ખાતે હોળી પર્વની ઉજવણી કરી હતી. અને આદિવાસી પરંપરા મુજબ ઢોલ અને નગારાના તાલે મજા માણી હતી.

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, સુરતમાં રાજસ્થાની યુવાસંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળીનાં તહેવારનો ઉજવણી કરવામાં આવી રહી છે. ત્રણ દિવસ યોજાયેલા આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કલાકાર અને પદ્મશ્રી ગુલાબો સપેરાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના ઓલપાડ તાલુકાના સરસ ગામે હોળી દહન બાદ અંગારા પર ખુલ્લા પગે ચાલવાની વર્ષો જૂની પરંપરા આજે પણ જીવંત છે. હોળી દહન બાદ અહીંના લોકો પાંચથી છ સેન્ટિમીટર સુધી પાથરેલા અંગારા ઉપર ચાલતા જોઈ શકાય છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતરના જણાવ્યા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલિકા દહન કરવામાં આવ્યું હતું જેમાં વિશેષ રૂપે પર્યાવરણ ને કેન્દ્રમાં રાખીને ટ્રસ્ટ દ્વારા હોલિકા દહનમાં પરંપરાગત અને વૈદિક સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અમારા ડાંગના પ્રતિનિધિ મુનિરા શેખના જણાવ્યા પ્રણાણે જિલ્લાનાં 311 ગામોમાં હોળીકા દહનના કાર્યક્રમ યોજાયા હતા. આદિવાસીઓએ પરંપરાગત રીતે પૂજા અર્ચના કરી હોળીકાનું દહન કર્યું.